# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09-06-2023 Morning : 7.10 to 7.20

Day : FRIDAY Regional News

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- **ભારત સરકારે સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા પાંચ મહત્વના નિર્ણયો લીધા છે.**
- **રાજ્યભરમાં 12મી જૂનથી ઇ-પાસ સિસ્ટમ અમલી બનશે.**
- **રાજય સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓને સ્વચ્છતા સહાય યોજના હેઠળ અત્યારસુધીમાં 57 હજાર 117 લાખ રૂપિયાથી વધુની સહાય અપાઇ છે.**
- **અરબી સમુદ્રમાં ઉભું થયેલું બીપોરજોય ચક્રવાતી વાવાઝોડું ગઇકાલે મધરાતે પોરબંદરથી દક્ષિણ અને દક્ષિણ–પશ્ચિમ અર્થાત્ નૈઋત્ય દિશાએ 870 કિલોમીટર અંતરે પહોંચ્યું હતું.**
- **આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સુરત ખાતે થશે..**
- **રાજયકક્ષાની વોટર પોલો સ્પર્ધાની ફાઇનલમાં નડિયાદની ટીમે રાજકોટને છ ગોલથી પરાજય આપીને સ્પર્ધા જીતી લીધી છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PACS – (PMKSK)

ભારત સરકારે સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા પાંચ મહત્વના નિર્ણયો લીધા છે. કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહ અને ખાતર મંત્રી મનસુખ માંડવિયાની દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો આ મુજબ છે.

1. દેશભરમાં લગભગ એક લાખ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ-PACS કાર્યરત છે. આ પૈકી જે PACS ખાતરના છૂટક વિક્રેતાઓ તરીકે કાર્યરત નથી તેમની ઓળખ કરવામાં આવશે અને તેમને તબક્કાવાર રીતે ખાતરના છૂટક વિક્રેતા તરીકે કામ કરવા માટે પ્રોત્સાહિત કરાશે.

2. PACS જે હાલમાં પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો (PMKSK) તરીકે કાર્યરત નથી તેમને PMKSKના કાર્યક્ષેત્રમાં લાવવામાં આવશે.

3. PACS ને જૈવિક ખાતરના માર્કેટિંગ સાથે જોડવામાં આવશે.

4. ખાતર વિભાગની બજાર વિકાસ સહાય (MDA) યોજના હેઠળ, બાયો-ઓર્ગેનિક ખાતરોની સપ્લાય અને માર્કેટિંગ શૃંખલામાં PACS ને પણ જથ્થાબંધ અથવા છૂટક વેપારી તરીકે સામેલ કરાશે.

5. અને ખાતર અને જંતુનાશકોના છંટકાવ માટે અને પ્રોપર્ટીના સર્વે માટે પણ PACS ને ડ્રોન ઉદ્યોગસાહસિક તરીકે પણ નિયુક્ત કરી શકાશે.

આ મહત્વપૂર્ણ નિર્ણયોથી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓની આવકમાં વધારો થશે, તેમજ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો વધશે.

-----------------------

પીઆઈબી - શ્રીરંગ - દુર્ગેશ

# S.T. E PASS

રાજ્યભરમાં 12મી જૂનથી ઇ-પાસ સિસ્ટમ અમલી બનશે. વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે ઇ- પાસ સિસ્ટમનો શુભારંભ કરાવતાં જણાવ્યું કે, એસટી બસમાં મુસાફરી કરતાં વિદ્યાર્થીઓ અને મુસાફરો હવે ઘરે બેઠા પાસ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે.

રાજયમાં હાલ નિગમ દ્વારા 10 લાખથ વધુ વિદ્યાર્થીઓને રાહત દરના પાસ આપવામાં આવે છે. નિગમના મુસાફરો તેમજ વિદ્યાર્થીઓએ લાઇનમાં ઉભું ન રહેવું પડે અને ઓનલાઇન પેમેન્ટ તેમજ વિદ્યાર્થીઓના વેરિફિકેશન થકી ત્વરિત આઈ કાર્ડ પાસ મેળવી શકાય તેવા હેતુથી ઇ. પાસ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે.

આ ઇ પાસ મેળવવા pass.gsrtc.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું કે, નવી ઈ-પાસ સિસ્ટમના અમલીકરણથી રાજ્યમાં ડિજિટલ ક્રાંતિને વેગ મળશે. હાલમાં આ સિસ્ટમનો ઉપયોગ ધોરણ ૧થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વધારે કરી રહ્યા છે. આગામી સમયમાં રાજ્યની આઈ.ટી.આઈ. તથા કોલેજોનો સમાવેશ કરવાની કામગીરી હાથ ધરાશે.

---

-માહિતી, મિત્તલ, નવીન

# SHALA SWACHHTA

રાજય સરકાર દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓને સ્વચ્છતા સહાય યોજના હેઠળ અત્યારસુધીમાં 57 હજાર 117 લાખ રૂપિયાથી વધુની સહાય અપાઇ છે.

પરિણામે ધોરણ એક થી સાતમાં વિદ્યાર્થીનીઓનો ડ્રોપ આઉટ દર 33.17 ટકાથી ઘટીને 3.01 ટકા થયો છે.

સ્વચ્છતા સહાય યોજના હેઠળ રાજયની સરકારી શાળાઓમાં 51 હજાર 420 કન્યા શૌચાલયો, 26 હજાર 830 કુમાર શૌચાલયો તથા ત્રણ હજાર 108 દિવ્યાંગ બાળકો માટેના શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સ્વચ્છતા સહાય પેટે શાળાદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે એક હજારથી પાંચ હજાર રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે.

-----------------------

માહિતી, શ્રીરંગ તેંડુલકર, નવીન

# CYCLONE

અરબી સમુદ્રમાં ઉભું થયેલું બીપોરજોય ચક્રવાતી વાવાઝોડું ગઇકાલે મધરાતે પોરબંદરથી દક્ષિણ અને દક્ષિણ – પશ્ચિમ અર્થાત્ નૈઋત્ય દિશાએ 870 કિલોમીટર અંતરે પહોંચ્યું હતું.

આગામી બે દિવસમં તે વાયવ્ય દિશામાં આગળ વધે તેવી સંભાવના છે. ગઇકાલે વાવાઝોડાની ગતિ 5 કિલોમીટર પ્રતિ કલાકથી સહેજ ઘટીને 3 કિલોમીટર પ્રતિકલાક થઇ હતી.

દરમિયાન હવામાન વિભાગે આગામી 13મી જૂન સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

આ સમયગાળાં સંબંધીત વિસ્તારોમાં પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની તથા કયારેક વધીને 50 કિલોમીટર પ્રતિકલાક થવાની સંભાવના દર્શાવી છે.

રાજયમાં છેલ્લા 36 કલાકમાં સૌરાષ્ટ્રના કેટલાક સ્થળોને બાદ કરતા મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સીયસથી ઓછું નોંધાયું છે.

સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું.

-----------------------

હવા.વેબ., શ્રીરંગ તેંડુલકર, નવીન

# CYCLONE NATIONAL

હવામાન વિભાગે કહ્યું છે કે, નૈઋત્ય ચોમાસું ગઇકાલે કેરળ પહોંચી ગયું છે. સામાન્ટ રીતે કેરળમાં ચોમાસું પહેલી જૂને બેસી જાય છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આવતા 48 કલાકમાં મધ્ય અરબી સમુદ્ર, તમિળનાડુ, કર્ણાટક અને નૈઋત્ય અને મધ્ય તેમજ ઇશાન, બંગાળ અખાતના અન્ય કેટલાક ભાગમાં નૈઋત્ય ચોમાસું આગળ વધે તે માટેની પરિસ્થિતિ સાનૂકુળ છે.

---

-રીપીટ

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

અપર્ણા ખૂંટ

# YOGA DAY

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સુરત ખાતે થશે.. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ છે 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ'..

21મી જૂને સુરત ખાતે સવારે 6 વાગે યોજાનાર કાર્યક્રમમાં દોઢ લાખથી વધુ લોકો ભાગ લેશે. મુખ્યમંત્રી સવારે સાડા છ વાગ્યે રાજ્યના નાગરિકોને વર્ચ્યુઅલી સંબોધન કરશે. તો દેશભરમાં ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સવારે પોણા સાત વાગ્યે વર્ચ્યુઅલી દેશવાસીઓને સંબોધશે.

શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું કે, રાજ્યના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા 75 આઇકોનિક સ્થળો જેવા કે, સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર જેવા સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યના 33 જિલ્લાઓના જે 75 સ્થળોની પસંદગી કરાઈ છે તેમાં 10 જેટલાં ઐતિહાસિક સ્થળો, 7 જેટલાં ધાર્મિક સ્થળો, 17 જેટલાં પ્રવાસન સ્થળો, 33 જેટલાં જિલ્લા અને મહાનગરપાલિકાના સ્થળો અને 8 તાલુકા મથકોના સ્થળનો સમાવેશ થાય છે.

---

-રીપીટ

# WATER POLO

રાજકોટમાં યોજાયેલી રાજયકક્ષાની વોટર પોલો સ્પર્ધાની ફાઇનલમાં નડિયાદની ટીમે રાજકોટને છ ગોલથી પરાજય આપીને સ્પર્ધા જીતી લીધી છે.

સ્પર્ધાની વિજેતા ટીમ નડિયાદને સુવર્ણ ચંદ્રક અને રનર્સ અપ રાજકોટને રજત ચંદ્રક મળ્યા છે.

ગુજરાત રાજય એકવેટીક સંગઠન અને રાજકોટ જીલ્લા સ્વીમીંગ સંગઠનના સંયુક્ત ઉપક્રમે લોકમાન્ય ટિળક રેસકોર્સ સ્નાનાગરમાં રાજયકક્ષાની વોટર પોલો સ્પર્ધા યોજાઇ હતી.

------------------------

પીટીસી, રાજકોટ, શ્રીરંગ તેંડુલકર, નવીન

# WTC

ઇંગ્લેન્ડમાં રમાઇ રહેલી IIC વિશ્વ ટેસ્ટ ચેમ્પીયનશીપની ફાઇનલમાં ઓસ્ટ્રેલીયાના 469 રનના જવાબમાં ભારતે 5 વિકેટે 151 રન કર્યા છે.

ગઇકાલે ઓસ્ટ્રેલીયાએ ટ્રેવીસ હેડના શાનદાર 163 અને સ્ટીવન સ્મીથના 121 તથા એલેકસ કેરીના 48 રનની મદદથી પહેલી ઇનીંગમાં 469 રન નોંધાવ્યા હતા.

ભારતના મહંમદ સિરાજે 4 તથા મહંમદ સામી અને શાર્દુલ ઠાકુરે 2 – 2 વિકેટો ઝડપી હતી.

જવાબમાં ભારતે પહેલી ઇનીંગમાં રવિન્દ્ર જાડેજાના 48 અને અજીંકય રહાણેના 19 રનની મદદથી બીજા દિવસની રમત બંધ રહી ત્યારે 5 વિકેટે 151 રન નોંધાવ્યા હતા.

અજીંકય રહાણે 29 રન સાથે રમતમાં છે ઓસ્ટ્રેલીયાના પાંચ બોલરોએ દરેકે 1 – 1 વિકેટો ઝડપી છે.

------------------------

એજન્સી, શ્રીરંગ તેંડુલકર, નવીન

# NAVSARI AGAGNVADI

નવસારી જીલ્લામાં ત્રણ આંગણવાડીઓના નવા મકાનનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું.

જીલ્લાના ઉનાઇના નાકા ફળિયામાં એક અને સિણધઇ ગામે બે મળી ત્રણ આંગણવાડીઓનું ખાત મુર્હુત કરવામાં આવ્યું હતું. મનરેગા યોજના હેઠળ 8 લાખ રૂપિયાની સહાય તેમજ આઈ.સી.ડી.એસ. શાખામાંથી બે લાખ એમ કુલ 10 લાખ રૂપિયાની સહાય એક આંગણવાડી દીઠ ફાળવવામાં આવશે.

------------------------

પીટીસી નવસારી, અશોક પટેલ, મિત્તલ, નવીન

# VISHVA MAHSAGAR DIVAS

વેરાવળના દરિયા કિનારેથી વિશ્વ મહાસાગર દિવસની ઉજવણી અંતર્ગત 850 કિલો કચરો એકઠો કરવામાં આવ્યો હતો.

વેરાવળ દરિયા કિનારે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અને વેરાવળ ફિશરીઝ કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ સ્વચ્છતા અભિયાનમાં ફિશરીઝ કોલેજના વિદ્યાર્થીઓને સફાઇ અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી. અંદાજે 850 કિલો કચરા પૈકી પ્લાસ્ટીક તેમજ થર્મોકોલનો કચરો મુખ્ય હતો.

-----------------------

પીટીસી ગીરસોમનાથ, રાજેશ ભજગોતર, મિત્તલ, નવીન